# ગઝલ – ચાતક

## – દક્ષેશ કોન્ટ્રાક્ટર 'ચાતક' –

આગમન, એની પ્રતીક્ષા, બારણાંનો છે વીષય,
ને પછી એનું મીલન સંભારણાનો છે વીષય,
કાફીયાઓ લઈ વસાવું હું રદીફોના નગર,
શી હશે જાહોજલાલી, ધારણાનો છે વીષય.

.1.

લખું રોજ વાદળ ને ઝાકળ મળે છે !
મને રોજ તડકાનાં કાગળ મળે છે !

સમય સાથ ચાલું છું તોયે જુઓને,
મુસીબત કદમ એક આગળ મળે છે !

તકાદા કરે છે તું કેવા મીલનના,
મને ફક્ત અધખુલી સાંકળ મળે છે !

તને શોધતાં શોધતાં લોક હાંફે,
ખુદા, તુંય ભીંતોની પાછળ મળે છે ?

ખુશાલી હવે ના મળે કોઈ ઘરમાં,
ખુશીના મુકામોય ભાગળ મળે છે !

નીરાશા વદનથી લુછી નાંખ 'ચાતક',
ક્ષીતીજે અહીં રોજ વાદળ મળે છે !

.2.

એક આંસુ આંખમાં છે, બ્હાર કાઢી આપ તું,
લાગણી સંવેદનાને ધાર કાઢી આપ તું.

ચાર ભીંતોમાં ચણી છે મેં હૃદયની આરઝુ,
ઓ ખુદા ! એ ઘર વચાળે દ્વાર કાઢી આપ તું.

ટળવળું છું ક્યારનો હું પ્હોંચવા એના ઘરે,
શક્ય હો તો સાંકડી પગથાર કાઢી આપ તું.

ને ખુલી આંખે અસંભવ હોય જો એનું મીલન,
તો મીલનનાં સ્વપ્નની વણઝાર કાઢી આપ તું.

હર સમસ્યાના ઉકેલો આખરે તુજ પાસ છે,
હસ્તરેખાઓ નવી બે-ચાર કાઢી આપ તું.

એક-બે છાંટે શમે 'ચાતક' નહીં દાવાનળો,
આભ ફાડી મેઘ મુશળધાર કાઢી આપ તું.

.3.

કોઈ દુરી ક્યાં નડે છે પ્હોંચતા એના ઘરે !
હું અહીં દીપક જલાવું, ઝળહળે એના ઘરે !

વર્ણ-જાતી-ભેદની તકરારના કીસ્સા ખતમ,
રંક-રાજા સહુ મળે છે પ્રેમથી એના ઘરે.

એક બાળકનું કુતુહલ એટલે શમતું નથી,
કોઈ પંડીત-મૌલવી દીઠા નહીં એના ઘરે !

એ જ શ્રદ્ધા સાથ કે એ વાંચશે કોઈ દીવસ,
શ્વાસમાં પત્રો બીડું છું રોજ હું એના ઘરે.

ધમપછાડા ત્યાં જવાના છોડ 'ચાતક', આખરે
લોક ઉંચકી લઈ જશે આરામથી એના ઘરે.

.4.

કેટલાં ઘર-ગામ-ફળીયાંને રડાવી જાય છે,
દેશ મુકીને કોઈ પરદેશ ચાલી જાય છે.

લોહીના સંબંધ, કોમળ કાળજાં સ્નેહીતણાં,
લાગણીના તાર પળમાં કોઈ કાપી જાય છે.

કમનસીબી કેટલી કે ઘેલછામાં અંધ થઈ,
પામવા માટી, ખજાનાને ફગાવી જાય છે.

ઝુલતો હીંચકો, ટકોરા બારણે ઘડીયાળનાં,
એક સન્નાટો ફકત ઘરમાં સજાવી જાય છે.

માવઠું થઈને પછી વરસ્યા કરે છે આંખડી,
રેશમી સપનાં બધા એમાં વહાવી જાય છે.

વૃદ્ધ આંખોમાં રઝળતી આગમનની આશ, કે
શ્વાસ ખુટે તે પહેલાં કોઈ આવી જાય છે ?

માતૃભુમી ત્યાગની ‘ચાતક’ સજા છે આકરી,
કોઈ આવી દંડની મ્હોલત વધારી જાય છે.

.5.

કાચની કીસ્મત મહીં તો તુટવાનું હોય છે,
કેમ નારીના નસીબે કુટવાનું હોય છે ?

બાગમાં ખીલી જવાથી ભાગ્ય પલટાતું નથી,
ક્યાંક ફુલોના નસીબે ચુંટવાનું હોય છે.

શ્વાસની હર વારતાનો સાર કેવળ એટલો,
જીન્દગી પ્રત્યેક ક્ષણ બસ ખુટવાનું હોય છે.

મોતના નામે હવે ગભરાવશો કોઈ નહીં,
શ્વાસની જંજાળથી બસ છુટવાનું હોય છે.

ક્યાં સુધી કહેતા રહીશું લોકને એના વીશે ?
દર્દ તો કેવળ હૃદયમાં ઘુંટવાનું હોય છે.

આ ગઝલ તો વ્યક્ત થાવાનું ફક્ત બ્હાનું હશે,
આમ તો સંવેદનાને ફુટવાનું હોય છે.

જેમણે ત્યાગી દીધું સર્વસ્વ એની ચાહમાં,
એમને 'ચાતક' હવે શું લુંટવાનું હોય છે ?

.6.

સ્મીત એનું રેશમી સાંકળ હશે,
કે હૃદયને ખોલવાની કળ હશે ?

આ નીરક્ષર લાગણીને શું ખબર,
એમની આંખોમહીં કાગળ હશે.

એ સતત સાથે રહી સ્પર્શ્યાં નહીં,
જેમ કોઈ પર્ણ પર ઝાકળ હશે.

સાત પગલાંની સફર માંડી હતી,
એ ખબર ન્હોતી વીઘન આગળ હશે.

એ ખડક હોવાનો દાવો શું કરે,
શું ફુટેલા તૃણ બધા પોકળ હશે ?

વેદનાની વાટ લાંબી હોય છે,
શક્ય છે, બાકી હજુ અંજળ હશે.

હર પ્રતીક્ષાનો સુખદ અંજામ છે,
કો'ક દી 'ચાતક' ઘરે વાદળ હશે.

.7.

એક-બે ઈચ્છા અધુરી બાળવાનું હોય છે,
જીન્દગી તો અંત સુધી ચાલવાનું હોય છે.

દોસ્ત, આંખો હોય કે ના હોય, એથી શું થયું ?
સ્વપ્ન મનની આંખથી નીહાળવાનું હોય છે.

બાળપણનું વ્હાલ, ચુમીઓ બધી યૌવનતણી,
કેટલું દેવું અહીં ઉતારવાનું હોય છે !

સ્મીત ચ્હેરા પર ટકાવી રાખવું મુશ્કેલ છે,
બોલકી સંવેદનાને ખાળવાનું હોય છે.

ને ગઝલ લખવા પ્રયત્નો આમ તો કરતો નથી,
લાગણીનું ભુત મનથી કાઢવાનું હોય છે.

પગરવોના દેશમાં 'ચાતક' સજા છે એટલી,
રોજ કાચી ઉંઘમાંથી જાગવાનું હોય છે.

.8.

આંખો જરી ખુલી અને સપનાં ફળી ગયાં,
રેતીના ગામમાં મને ઝરણાં મળી ગયાં !

મૃગજળની ધારણા અહીં વ્હેતી હશે કદી,
એથી તો હાંફતા મને હરણાં મળી ગયાં.

ઉદભવની શક્યતા વીશે અટકળ કરી શકું,
બે-ચાર વાદળાં મને જળમાં મળી ગયાં.

ઝાકળને બાતમી હતી એના નગર વીશે,
કારણ કે બાગમાં મને પગલાં મળી ગયાં.

એકાદ જો ખુશી હતે, વ્હેંચી શકત નહીં,
સારું કે એમના મને ઢગલાં મળી ગયા.

કેવી કઠીન સાધના 'ચાતક' કરી હશે,
કરગરતાં ઝાંઝવાં મને હમણાં મળી ગયાં.

## .9.

હર પ્રણયની વારતાના અંત નોખા હોય છે,
ક્યાંક આંસુ, ક્યાંક કંકુ, સાથ ચોખા હોય છે.

ખુશનસીબોની જ કીસ્મતમાં લખી દીવાનગી,
બદનસીબોના લલાટે ફક્ત ધોખા હોય છે.

આમ તો બે હોઠ, આંખો, બે જ હૈયાંઓ મળે,
તોય અંદાજો મીલનના સૌ અનોખા હોય છે !

પ્રેમની તસવીર કો'દી ધુંધળી થાતી નથી,
સ્મીત મુખ પર ઝળહળે, છો દાંત બોખા હોય છે.

એ સદીઓથી થતાં 'ચાતક' ભલે બદનામ, પણ
એમને જોવા તરસતાં સહુ ઝરોખા હોય છે.

## .10.

શ્હેરમાં ભીની ગલી ને ગામડે વરસાદ છે,
આગમનની શક્યતાનો બારણે વરસાદ છે.

એ હશે કેવી મીલનની તાજગી વરસો જુની,
એક છાંટો થાય ને મન સાંભરે, વરસાદ છે.

જુઈની વેલી સમી કન્યા વળાવી તે સમે,
ભર ઉનાળે એમ લાગ્યું, માંડવે વરસાદ છે.

એક-બે આંસુ છુપાવી ના શક્યા વાદળ જરી,
હર્ષથી બોલી ઉઠ્યા સૌ, 'આવ રે વરસાદ' છે.

રેતના દરીયા ઉલેચીને છુપાઈ લાગણી,
શી ખબર એને બધાની ભીતરે વરસાદ છે.

તગતગે એની સ્મૃતી 'ચાતક' હજીયે આંખમાં,
લોક છો કહેતા ફરે કે આંગણે વરસાદ છે.

11.

યોગમ ફેલાયેલું રણ છે મારી અંદર,
મૃગજળ જેવી ભીની ક્ષણ છે મારી અંદર.

અરમાનોની કુંજગલીમાં ભટકી ભટકી,
હાંફી ગયેલાં કૈંક હરણ છે મારી અંદર.

ઝાંઝવાં સમી લાગણીઓ શાને વરસાવે,
થીજી ગયેલાં સાવ ઝરણ છે મારી અંદર,

શાહી કલમની સુકાવાનું નામ નહીં લે,
કૈં કેટલાં અવતરણ છે મારી અંદર.

કણકણમાં તું છુપાયેલો, જાણું છું, પણ;
બાકી ના કોઈ રજકણ છે મારી અંદર.

'ચાતક' થઈને રાહ જોઉં છું કૈં વરસોથી,
આવ, આવવાનાં કારણ છે મારી અંદર.

*** દક્ષેશ કોન્ટ્રાકટર 'ચાતક' ***

**:કવી-સમ્પર્ક:**

**Daxesh Contractor** (Los Angeles, USA)
E-mail : daxesh68@yahoo.com
Phone : 714-656-2857 (landline); Cell : 323-385-1299
Address: 9091, McBride River, Fountain Valley, CA 92708. USA
બ્લોગ: **www.mitixa.com**

છેલ્લાં દસેક વર્ષથી લોસ એન્જલસ, અમેરીકા સ્થીર થયેલા દક્ષેશભાઈ I T Professional છે. વીદેશમાં વસવા છતાં માતૃભાષા સાથેનો કેવો રુડો નાતો એમણે જાળવી રાખ્યો છે તે એમનો બ્લોગ મીતીક્ષા ડૉટ કૉમ જોનારને તેનો તરત જ ખ્યાલ આવશે. –સુનીલ શાહ

'સન્ડે ઈ-મહેફીલ'ના આ ગઝલ-અંકના અતીથી સંપાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો અને ગઝલોનું અક્ષરાંકન કરી આપનાર આચાર્યશ્રી. સુનીલ શાહનો ખુબ ખુબ આભાર. ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ-મહેફીલ' – વર્ષઃ સાતમું – અંકઃ 228 – October 09, 2011

'ઉંઝાજોડણી'માં અને 'શ્રુતી' ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

●♦●

# Have You Played Quick Quiz Yet? No ? Try It Today !!

http://www.gujaratilexicon.com/index.php?action=quiz

Quick Quiz Is Extremely Educative, Vocabulary Enriching & Thoroughly Enjoyable ! It Is Addictive & Its Impact Is Far-Reaching. Make New "Word" Friends. Enjoy The Quick Quiz & Relieve Those Childhood Educative & Exciting Games !

Quick Quiz Is Refreshed Every Friday With New Quiz….You Can Also Play The Earlier Quiz & Check The Results Instantly…

Experience It Yourself & Share Your Comments & Feedback With Us !

## વાંચ્યું ને ?

ભારે આનંદદાયક, શબ્દજ્ઞાન વર્ધક અને આપણા બચપણની હરકતોની યાદ અપાવનાર,
માત્ર પાંચ શબ્દોની અમારી 'ક્વિક ક્વિઝ' તમે જોઈ ? દર શુક્રવારે ત્યાં નવી ક્વિઝ મુકાય છે.
લો, આ એક નમૂનો. તમે અચૂક અજમાવી જુઓ..આજે જ..
http://www.gujaratilexicon.com/index.php?action=quiz
એવી જ બીજી ત્રણસો જેટલી ક્વિઝ ત્યાં મુકાયેલી છે.. તરત જ ચકાસણી ને તરત જ પરિણામ !
ભારે રોમાંચક રમત !.. અજમાવો અને અભિપ્રાય-સૂચનો મોકલજો..

Email IDs : Maitri Shah - maitri@arniontechnologies.com
And Shruti Amin - shruti@arniontechnologies.com

@

**More than 99,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**
**More than 9,00,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**
**More than 1,70,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

@@@

'સન્ડે ઈ-મહેફીલ' – વર્ષઃ સાતમું – અંકઃ 228 – October 09, 2011

'ઉંઝાજોડણી'માં અને 'શ્રુતી' ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@